સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.

પ્રતિ,
ઉપસચિવશ્રી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

વિષય: ફરીયાદ નં.0૬૬0-૨૦૧૮ અને ફરીયાદ નં.0૨૭૭-૨૦૧૮ના હુકમના અમલ બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના ફરીયાદ નં.0૬૬0-૨૦૧૮ અને ફરીયાદ નં.0૨૭૭-૨૦૧૮ના ગુજરાત માહિતી આયોગના તા.૨૬.૭.૨૦૧૯ ના હુકમની નકલ આપની જાણ સારુ સાથે સામેલ છે જે અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરવા ~~વિનંતી છે.~~

બિડાણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

(ઉપેન્દ્ર ઉપાધ્યાય)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ

નકલ જાણ સારૂ રવાના:
ઉપસચિવશ્રી
ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

૬૪૮
૫/૯/૨૦૧૯

---

જા.નં.સદાંકૃયુ/રજી/લીગલ/ટે.૨/ ૬૪૮ - ૭૧૮/૨૦૧૯,

કુલસચિવશ્રી કચેરી,
સ.દાં. કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર.
તા.૧૯/૦૯/૨૦૧૯

ઉકત પત્ર સાથે સામેલ ફરીયાદ નં.0૬૬0/૨૦૧૭ અને ફરીયાદ નં.0૨૭૭/૨૦૧૮ના ગુજરાત માહિતી આયોગના તા.૨૬.૦૭.૨૦૧૯ના હુકમની નકલ તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ, મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીઓ અને અપીલ અધિકારીશ્રીઓની જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે આ સાથે મોકલી આપવામાં આવે છે.

કાર્યકારી કુલસચિવ

**નકલ સવિનય રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી થવા સારૂ :–**
– યુનિવર્સિટીના તમામ અપીલ અધિકારીશ્રીઓ તરફ.
– યુનિવર્સિટીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ/મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ.
– નિયામકશ્રી, ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી, સ.દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ.
  ૨/– ઉપરોકત પરિપત્ર યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

**નકલ રવાના :–**
– કુલપતિશ્રીના / કુલસચિવશ્રીના રહસ્ય સચિવ,સ.દાં.કૃ.યુ., સરદાર કૃષિનગર તરફ.

તાત્કાલિક
અગત્યનું
RPAD

ક્રમાંક: જીઆઈસી/ ફરીયાદ નં. ૦૬૬૦-૨૦૧૮
ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, ૨ જો માળ,
નિર્માણ ભવન પાછળ, સેક્ટર-૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા:.૩૧/૦૭/૨૦૧૯

પ્રતિ,
અગ્ર સચિવશ્રી
સામાન્ય વહીવટ વિભાગ(વસુતા પ્ર.)
બ્લોક નં.૭, નવા સચિવાલય
ગાંધીનગર – ૩૮૨૦૧૦

Inward No. 43522
15 AUG 2019

**વિષય:- આયોગ સમક્ષ આવેલ ફરીયાદ નં. ૦૬૬૦-૨૦૧૮ બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે ઉક્ત ફરીયાદ નં. ૦૬૬૦-૨૦૧૮ માં આયોગના તા.૨૬/૦૭/૨૦૧૯ ના હુકમની નકલ આ સાથે સામેલ છે. આયોગના ઉક્ત હુકમ અનુસારની ઘટતી કાર્યવાહી કરી કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો અહેવાલ આયોગને સત્વરે મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

બિડાણ:-ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.

ફરિયાદ નં- ફ-૦૬૬૦-૨૦૧૭

ફરિયાદી : શ્રી કેતનકુમાર કાન્તીલાલ પટેલ
ઠે. ૩૯,બ્રમાણીનગર સોસાયટીના નાકે,
વિજાપુર રોડ, પો. મહેતાપુરા,
હિંમતનગર, જી. સાબરકાંઠા - ૩૮૩૦૦૧

વિરુધ્ધ

સામાવાળા : (૧) જાહેર માહિતી અધિકારીશ્રી
(પરીક્ષેત્ર વન અધિકારીશ્રી),
પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી,
રાયગઢ રેંજ, રાયગઢ,
તા. હિંમતનગર, જી. સાબરકાંઠા - ૩૮૩૨૭૬

તા. ૨૬/૭/૨૦૧૯

શ્રી ડી. પી. ઠાકર, રાજ્ય મુખ્ય માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય
સમક્ષ

આ કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરિયાદીશ્રીએ તા.૦૮/૦૮/૨૦૧૭ના રોજ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૧) અન્વયે નમૂના-કમાં જાહેર માહિતી અધિકારીશ્રી પાસે ૦૮ મુદ્દાની માહિતી માંગેલ હતી. જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૦૪/૦૯/૨૦૧૭ના રોજ માહિતી/નિર્ણય આપવામાં આવેલ. તેનાથી નારાજ થઇ ફરિયાદીશ્રીએ તા.૧૧/૧૨/૨૦૧૭ના રોજ આયોગ સમક્ષ ફરિયાદ કરેલ છે. તે અન્વયે તા.૨૬/૦૩/૨૦૧૯ના રોજ આ કેસની આયોગ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી અને તા.૨૭/૦૩/૨૦૧૯ના રોજ વચગાળાનો હુકમ કરી ફરિયાદીશ્રી બી.પી.એલ.કાર્ડ માટેની પાત્રતા ધરાવતા ન હોવા છતાં તે કાર્ડ નમુના-કની અરજી સાથે જોડેલ હોવાથી વિનામૂલ્યે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા વિનામૂલ્યે પૂરી પાડેલ માહિતીની નકલ ફી પેટે રૂ.૩૧૨/- તેઓની પાસેથી વસૂલવા માટેનો હુકમ શા માટે ન કરવો તેમજ તેઓની આયોગ સમક્ષ પડતર અન્ય અપીલો/ફરિયાદો રદ શા માટે ન કરવી તે અંગેનો ખુલાસો/સ્પષ્ટતા ફરિયાદીશ્રીએ આગામી સુનાવણીમાં અચૂક હાજર રહી કરવા જણાવેલ. ત્યારબાદ તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ આ કેસની આયોગ સમક્ષ બીજી સુનાવણી હાથ ધરવામાં આવી. સુનાવણી દરમ્યાન ફરિયાદીશ્રી હાજર રહેલ ન હતાં કે કોઇ લેખિત રજૂઆત પણ મોકલી આપેલ ન હતી. આથી તા.૨૧/૦૫/૨૦૧૯ના રોજ વચગાળાનો આદેશ કરી ફરિયાદીશ્રીને ન્યાયના હિતમાં વધુ એક તક આપી આ ફરિયાદ સહિત

આ સાથેના પત્રકમાં જણાવેલ ફરિયાદીશ્રીની આવી પડતર અપીલો/ફરિયાદો શા માટે રદ ન કરવી તે અંગેની સ્પષ્ટતા તેમજ નકલ ફી પેટે રૂ.૩૧૨/- ફરિયાદીશ્રી પાસેથી વસૂલવા માટેનો હુકમ શા માટે ન કરવો તે અંગેની લેખિત સ્પષ્ટતા તા.૨૮/૦૬/૨૦૧૯ સુધી આયોગને મોકલી આપવા તથા સુનાવણીની આગામી તારીખે હાજર રહીને મૌખિક/લેખિત રજૂઆત કરવા જણાવેલ.

૨. તા.૦૨/૦૭/૨૦૧૯ના રોજ આયોગ સમક્ષ ત્રીજી સુનાવણી હાથ ધરવામાં આવી. સુનાવણીમાં ફરિયાદીશ્રી હાજર રહેલ નથી. સામાવાળા પક્ષે શ્રી અનિરૂધ્ધસિંહ સીસોદીયા, જાહેર માહિતી અધિકારીશ્રી અને પરીક્ષેત્ર વન અધિકારીશ્રી હાજર રહેલ છે.

૩. સુનાવણી દરમ્યાન સામાવાળા પક્ષે લેખિત રજૂઆત આપવામાં આવી. વધુમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી(ગ્રા.વિ.), હિંમતનગરના તા.૩૦/૦૮/૨૦૧૪ના પત્રથી જણાવ્યાં મુજબ ફરિયાદીશ્રી કેતનકુમાર પટેલનો બી.પી.એલ. યાદીની પુનઃ મોજણી બાદનો સ્કોર ૩૩ આવેલ છે. જેથી તેઓ બી.પી.એલ. માટે પાત્રતા ધરાવતાં નથી તે અંગેનો નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, હિંમતનગર, જિ. સાબરકાંઠાનો તા.૨૭/૦૫/૨૦૧૯નો પત્ર અત્રે રજૂ કરવામાં આવ્યો. વધુમાં ફરિયાદીશ્રીની તા.૦૮/૦૮/૨૦૧૭ની નમૂના-કની અરજી પરત્વે તા.૦૪/૦૯/૨૦૧૭ના પત્રથી ૧૫૬ પાનાની માહિતી ફરિયાદીશ્રીના બી.પી.એલ. કાર્ડના આધારે વિનામૂલ્યે પૂરા પાડવામાં આવેલ હોવાનું તેમજ આયોગના પત્ર અન્વયે તા.૨૯/૦૫/૨૦૧૯ના રોજ આ માહિતી પુનઃ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવી ફરિયાદીશ્રી પાસેથી નકલ ફી વસૂલ કરવા યોગ્ય હુકમો કરવા વિનંતી કરવામાં આવી.

૪. ઉપરોકત રજૂઆત તથા કેસના કાગળો ધ્યાને લેતાં ફરિયાદીશ્રી દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૭ની નમુના-કની અરજી જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ લગાવીને કરવામાં આવી હતી તેમજ ઉકત અરજીમાં તેઓ ગરીબી રેખા હેઠળનું બી.પી.એલ. કાર્ડ પણ ધરાવે છે તેવી રજૂઆત કરવામાં આવેલ હતી અને તેની સાથે બી.પી.એલ. રેશન કાર્ડની નકલ પણ રજૂ કરેલ હતી. આમ ફરિયાદીશ્રી પોતે બી.પી.એલ. પાત્રતા ધરાવતા નથી તે જાણતાં હોવા છતાં બી.પી.એલ. કાર્ડની નકલ આર.ટી.આઇ.ની અરજી સાથે સામેલ રાખી જાહેર સત્તામંડળને અરજી કરેલ છે. તેના આધારે જાહેર માહિતી અધિકારીશ્રીએ વિનામૂલ્યે ફરિયાદીશ્રીને માહિતી પૂરી પાડેલ છે. આ ફરિયાદની તા.૨૬/03/૨૦૧૯ના રોજ પ્રથમ સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને આયોગના તા.૨૭/03/૨૦૧૯ના વચગાળાના હુકમથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા વિનામૂલ્યે પૂરી પાડેલ માહિતીની નકલ ફી પેટે રૂ.૩૧૨/- ફરિયાદીશ્રી પાસેથી વસૂલવા માટેનો હુકમ શા માટે ન કરવા તેમજ તેઓની આયોગ સમક્ષ પડતર અન્ય આવી અપીલો/ફરિયાદો શા માટે રદ ન કરવી તે અંગેનો ખુલાસો/સ્પષ્ટતા ફરિયાદીશ્રીએ આગામી સુનાવણીની તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ કરવા જણાવવામાં આવેલ. તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ આ ફરિયાદની બીજી સુનાવણી હાથ ધરવામાં આવી. ફરિયાદીશ્રી આયોગના તા.૨૭/03/૨૦૧૯ના વચગાળાના આદેશ અન્વયે કોઇ ખુલાસો/સ્પષ્ટતા આયોગ સમક્ષ રજૂ કરેલ નથી તેમજ આયોગ સમક્ષની સુનાવણીમાં પણ ફરિયાદીશ્રી હાજર રહેલ ન હતાં. જેથી ન્યાયના વિશાળ હિતમાં ફરિયાદીશ્રીને પોતાનો પક્ષ રજૂ કરવાની વધુ એક તક મળી રહે તે માટે આયોગના તા.૨૧/૦૫/૨૦૧૯ના વચગાળાના હુકમથી તા.૦૨/૦૭/૨૦૧૯ના રોજ ત્રીજી સુનાવણી રાખવામાં આવી હતી.

તા.૦૨/૦૭/૨૦૧૯ની સુનાવણીમાં પણ ફરિયાદીશ્રી ગેરહાજર રહેલ છે તેમજ આયોગના

તા.૨૧/૦૫/૨૦૧૯ના વચગાળાના આદેશ અન્વયે વધુ એક તક આપવા છતાં કોઇ ખુલાસો/સ્પષ્ટતા આયોગ સમક્ષ મોકલી આપેલ નથી.

ફરિયાદીશ્રીની અન્ય ફરિયાદ નં.૭૯૭૭/૨૦૧૮ની સુનાવણીમાં પણ ફરિયાદીશ્રીએ આજ માહિતીની વિનામૂલ્યે માહિતી મેળવેલ હોવાથી તે સંદર્ભે નકલ ફી રૂ.[illegible] શા માટે વસૂલ ન કરવી તેમજ આયોગ સમક્ષ પડતર ફરિયાદીશ્રીની આવી તમામ અપીલ/ફરિયાદ શા માટે રદ ન કરવી તેની સ્પષ્ટતા કરવા ફરિયાદીશ્રીને જણાવવા છતાં ઉક્ત ફરિયાદમાં પણ ફરિયાદીશ્રી દ્વારા આયોગને કોઇ ખુલાસો/સ્પષ્ટતા મોકલી આપેલ નથી કે આયોગ સમક્ષની સુનાવણીમાં હાજર પણ રહેલ નથી.

ફરિયાદીશ્રીની આયોગ સમક્ષની અન્ય અપીલ નં.અ-૨૩૭૪/૨૦૧૭માં આયોગના તા.૨૩/૦૪/૨૦૧૮ના હુકમમાં આયોગે સ્પષ્ટ નોંધેલ છે કે વિવાદીશ્રી બી.પી.એલ. કેટેગરીમાં આવતાં ન હોય તેમને વિનામૂલ્યે માહિતી આપવી નહીં તેમજ આયોગે વિવાદીશ્રીનું બી.પી.એલ. રેશનકાર્ડ રદ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગરને સૂચના પણ આપેલ છે.

આમ જોતાં રીતે ફરિયાદીશ્રી [illegible] પટેલ તા.[illegible]થી આ બાબત જાણે છે કે તેઓ બી.પી.એલ. કાર્ડ માટે લાયકાત ધરાવતા નથી તેમ છતાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ બી.પી.એલ. કાર્ડના આધારે મફતમાં માહિતી માંગવાનું ચાલુ રાખેલ છે. વધુમાં આયોગના ધ્યાન ઉપર એમ પણ આવેલ છે કે, એક સરખા નમુના-કની અરજીથી [illegible] તથા [illegible] વિભાગોની કચેરીઓ પાસે વિસ્તૃત માહિતી માંગવામાં આવે છે અને અરજી ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી અરજી સાથે બી.પી.એલ. રેશનકાર્ડ પણ રજૂ કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નકલ ફી ભરવાની જાણ કરવામાં આવે તો તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક છે તેવી રજૂઆત કરીને મફત માહિતી મેળવવાની માંગણી કરે છે. તે રીતે સત્તામંડળના સમયનો જાહેર હિતના કામના ભોગે વ્યય કરાવે છે અને માહિતી પૂરી પાડવામાં ન આવે તેવા કિસ્સામાં સત્તામંડળ ઉપર બિન જરૂરી અને અનુચિત દબાણ લાવવા માટે આયોગમાં ફરિયાદ અરજી કરવામાં આવે છે. આમ કરીને તેઓ માહિતી અધિકાર અધિનિયમનો ઇરાદાપૂર્વક, ચોક્કસ વ્યૂહરચના સાથે મોટાપાયે દુરુપયોગ કરે છે. ફરિયાદીશ્રીએ આજદિન સુધી આયોગમાં ૭૦૦ જેટલી બીજી અપીલ/ફરિયાદ કરેલ છે.

ફરિયાદીશ્રીએ તા.૦૮/૦૮/૨૦૧૭ની અરજીથી છેલ્લા પાંચ વર્ષની વિસ્તૃત માહિતી માંગેલ છે. જે માંગવા પાછળ ફરિયાદીશ્રીનો પ્રામાણિક હેતુ(bonafide intention) હોવાનું જણાતું નથી. પરંતુ વિસ્તૃત માહિતી માંગી સત્તામંડળના સમયનો વ્યય કરતાં હોવાનું તથા જાહેર હિતના કામોમાં વિક્ષેપ કરતાં હોવાનું જણાય છે. આમ માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓનો ઇરાદાપૂર્વક, ચોક્કસ વ્યૂહરચના સાથે દુરુપયોગ (misuse) કર્યાનું સ્પષ્ટપણે પ્રતિપાદિત થાય છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૦(૧) હેઠળ ફક્ત જાહેર માહિતી અધિકારીશ્રીઓને દંડ કરવાની જોગવાઇ છે. પરંતુ અધિનિયમનો દુરુપયોગ કરનાર અરજદારને દંડ કરવા કોઇ જોગવાઇ અધિનિયમમાં નથી. અરજદારને દંડ કરવાની જોગવાઇ અધિનિયમમાં હોત તો આ કેસ દંડ કરવા માટે સંપૂર્ણ યોગ્ય છે. વધુમાં નમુના-કની અરજી ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી તેની સાથે બી.પી.એલ.નું કાર્ડ જોડી વિસ્તૃત માહિતી મફતમાં મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે, જે નિયમોની જોગવાઇઓનો ઉપયોગ કરી સરકારી તંત્ર સાથે છેતરપીંડી

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

કરવા સમાન છે. ફરિયાદીશ્રી જો હકીકતમાં જ બી.પી.એલ. કાર્ડધારક હોય તો તેઓએ કોર્ટ
સ્ટેમ્પ લગાવવાની પણ આવશ્યકતા હતી નહીં. પરંતુ ફરિયાદીશ્રી પોતે જાણતા હતાં કે, તેમનો
બી.પી.એલ. સ્કોર ૩૩ આવેલ છે અને તેઓ બી.પી.એલ. કાર્ડ માટે પાત્રતા ધરાવતાં નથી તેમ
છતાં બી.પી.એલ. કાર્ડનો ઉપયોગ કરવા પાછળનો તેમનો ઇરાદો મલીન હોવાનું પ્રસ્થાપિત થાય
છે. આ સંદર્ભે રજૂઆત કરવા ત્રણ તક આપવા છતાં ફરિયાદીશ્રી આયોગ સમક્ષ ઉપસ્થિત રહેલ
નથી કે તેમના બચાવમાં કોઇ લેખિત રજૂઆત પણ મોકલી આપેલ નથી. આથી ન્યાયના વિશાળ
હિતમાં નીચે મુજબના હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) ફરિયાદીશ્રીની ફરિયાદ નામંજૂર કરવામાં આવે છે.

(૨) ફરિયાદીશ્રી બી.પી.એલ. કાર્ડધારક ન હોવા છતાં આ કાર્ડની નકલ અરજી સાથે બીડેલ તેના
આધારે જાહેર માહિતી અધિકારીશ્રીએ તેમને વિનામૂલ્યે પૂરી પાડેલ માહિતીના રૂ.૩૧૨/-
ફરિયાદીશ્રી પાસેથી વસૂલ લઇ અને તેની અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારીશ્રી અને
પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, રાયગઢ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠાને હુકમ કરવામાં આવે છે.
જિલ્લા વન અધિકારીશ્રી, હિંમતનગર, જિ. સાબરકાંઠાએ હુકમ મુજબની કાર્યવાહી થાય તે
સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૩) ફરિયાદીશ્રી દ્વારા આયોગ સમક્ષ રજૂ કરેલ અન્ય અપીલ/ફરિયાદ કે જેમાં તેમણે ફરિયાદ
અરજી/અપીલ અરજી સાથે રૂ.૨૦/-ની ફી પણ ભરેલ છે અને બી.પી.એલ. રેશનકાર્ડ પણ રજૂ કરેલ
છે. તે અપીલ/ફરિયાદ નં. ફ.૦૬૮૨/૨૦૧૭, અ-૮૦૩૦/૨૦૧૭, અ-૮૦૩૧/૨૦૧૭,અ-૮૦૩૨
/૨૦૧૭, અ-૮૦૩૩/૨૦૧૭, અ-૮૦૩૪/૨૦૧૭, અ-૮૦૩૫/૨૦૧૭, ફ.૦૦૧૧/૨૦૧૮,
ફ.૦૦૩૭/૨૦૧૮, ફ.૦૦૩૮/૨૦૧૮, ફ.૦૦૭૧/૨૦૧૮, ફ.૦૦૭૨/૨૦૧૮, ફ.૦૦૭૫/૨૦૧૮,
ફ.૦૧૦૭/૨૦૧૮, ફ.૦૧૦૯/૨૦૧૮, ફ.૦૧૧૩/૨૦૧૮, ફ.૦૧૧૪/૨૦૧૮, ફ.૦૧૩૦/૨૦૧૮,
ફ.૦૧૩૧/૨૦૧૮, ફ.૦૧૩૨/૨૦૧૮, ફ.૦૧૩૩/૨૦૧૮, ફ.૦૧૩૪/૨૦૧૮, ફ.૦૧૩૫/૨૦૧૮,
ફ.૦૧૪૧/૨૦૧૮, ફ.૦૧૪૨/૨૦૧૮, ફ.૦૧૪૩/૨૦૧૮, ફ.૦૧૪૪/૨૦૧૮, ફ.૦૧૭૭/૨૦૧૮,
ફ.૦૨૭૨/૨૦૧૮, ફ.૦૨૭૩/૨૦૧૮, ફ.૦૨૭૪/૨૦૧૮, ફ.૦૨૭૫/૨૦૧૮, ફ.૦૨૭૬/૨૦૧૮,
ફ.૦૨૮૮/૨૦૧૮, ફ.૦૩૦૭/૨૦૧૮, ફ.૦૩૦૮/૨૦૧૮, ફ.૦૩૦૯/૨૦૧૮, ફ.૦૩૧૦/૨૦૧૮,
ફ.૦૩૧૧/૨૦૧૮, ફ.૦૩૧૨/૨૦૧૮, ફ.૦૩૩૪/૨૦૧૮, ફ.૦૩૩૫/૨૦૧૮, ફ.૦૩૩૬/૨૦૧૮,
ફ.૦૩૩૭/૨૦૧૮, ફ.૦૩૩૮/૨૦૧૮, ફ.૦૩૪૪/૨૦૧૮. ફ.૦૩૪૫/૨૦૧૮, ફ.૦૩૪૮/૨૦૧૮,
ફ.૦૩૪૯/૨૦૧૮ અને અ-૬૭૭૫/૨૦૧૮, આથી રદ કરવામાં આવે છે અને આ હુકમની જાણ
સંબંધિત અપીલ/ફરિયાદના પ્રતિવાદીઓ/સામાવાળાઓને કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમની નકલ અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ(વસુતાપ્ર.)ને મોકલી આપવી
અને જાહેર સત્તામંડળોને ભવિષ્યમાં આવા કિસ્સા ન બને તે સંદર્ભે કાળજી રાખવા યોગ્ય તે સૂચના
આપવા ભલામણ કરવામાં આવે છે. વધુમાં અરજદાર શ્રી કેતનકુમાર કાંતીલાલ પટેલની ઉપર
જણાવ્યાં પ્રમાણેની માહિતી માંગતી અરજીઓ ભવિષ્યમાં નહીં સ્વીકારવા તમામ જાહેર
સત્તામંડળોને સૂચના આપવા સામાન્ય વહીવટ વિભાગને ભલામણ કરવામાં આવે છે.

ફરિયાદીશ્રીના બી.પી.એલ. કાર્ડને રદ કરવા, જરૂરી કાર્યવાહી કરવા તથા જરૂર પડે

ફરિયાદીશ્રી પાસેથી મહેસૂલી રાહે નકલ ફી વસૂલવા કલેક્ટરશ્રી, સાબરકાંઠાને જણાવવામાં આવે છે.

આ હુકમની નકલ કલેક્ટરશ્રી, સાબરકાંઠા, હિંમતનગરને મોકલી આપવી.

આ હુકમ સાથે ઉપરની તમામ અપીલો/ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડી. પી. ઠાકર)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

મુકાબલો કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

તાત્કાલિક
અગત્યનું
RPAD

ક્રમાંક: જીઆઇસી/ ફરીયાદ નં. ૦૨૭૭-૨૦૧૮
ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, ૨ જો માળ,
નિર્માણ ભવન પાછળ, સેકટર-૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા:.૩૧/૦૭/૨૦૧૯

પ્રતિ,
અગ્ર સચિવશ્રી
સામાન્ય વહીવટ વિભાગ(વસુતા પ્ર.)
બ્લોક નં.૭, નવા સચિવાલય
ગાંધીનગર – ૩૮૨૦૧૦

G. A. D.
Inward No. 430501
15 AUG 2019
Branch

વિષય:- આયોગ સમક્ષ આવેલ ફરીયાદ નં. ૦૨૭૭ -૨૦૧૮ બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે ઉક્ત ફરીયાદ નં. ૦૨૭૭-૨૦૧૮ માં આયોગના તા.૨૬/૦૭/૨૦૧૯ ના હુકમની નકલ આ સાથે સામેલ છે. આયોગના ઉક્ત હુકમ અનુસારની ઘટતી કાર્યવાહી કરી કરેલ કાર્યવાહીની વિગતો સહિતનો અહેવાલ આયોગને સત્વરે મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

બિડાણ:-ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

SO RTI
16/8/2019

JS(RTI)

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮(૧) હેઠળ ફરિયાદ બાબત.

<u>ફરિયાદ નં- ફ-૦૬૬૦-૨૦૧૭</u>

ફરિયાદી : શ્રી કેતનકુમાર કાન્તીલાલ પટેલ
ઠે. ૩૯,બ્રમ્હાણીનગર સોસાયટીના નાકે,
વિજાપુર રોડ, પો. મહેતાપુરા,
હિંમતનગર, જી. સાબરકાંઠા - ૩૮૩૦૦૧

વિરુધ્ધ

સામાવાળા : (૧) <u>જાહેર માહિતી અધિકારીશ્રી</u>
(પરીક્ષેત્ર વન અધિકારીશ્રી),
પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી,
રાયગઢ રેંજ, રાયગઢ,
તા. હિંમતનગર, જી. સાબરકાંઠા - ૩૮૩૨૭૬

<u>તા. ૨૬/૭/૨૦૧૯</u>

શ્રી ડી. પી. ઠાકર, રાજ્ય મુખ્ય માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય
સમક્ષ

આ કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરિયાદીશ્રીએ તા.૦૮/૦૮/૨૦૧૭ના રોજ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૬(૧) અન્વયે નમૂના-કમાં જાહેર માહિતી અધિકારીશ્રી પાસે ૦૮ મુદ્દાની માહિતી માંગેલ હતી. જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા તા.૦૪/૦૯/૨૦૧૭ના રોજ માહિતી/બિડાણ આપવામાં આવેલ. તેનાથી નારાજ થઇ ફરિયાદીશ્રીએ તા.૧૫/૧૨/૨૦૧૭ના રોજ આયોગ સમક્ષ ફરિયાદ કરેલ છે. તે સંદર્ભે તા.૨૬/૦૩/૨૦૧૯ના રોજ આ કેસની આયોગ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી અને તા.૨૭/૦૩/૨૦૧૯ના રોજ વચગાળાનો હુકમ કરી ફરિયાદીશ્રી બી.પી.એલ.કાર્ડ માટેની પાત્રતા ધરાવતા ન હોવા છતાં તે કાર્ડ નમુના-કની અરજી સાથે બીડેલ હોવાથી વિનામૂલ્યે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા વિનામૂલ્યે પૂરી પાડેલ માહિતીની નકલ ફી પેટે રૂ.૩૧૨/- તેઓની પાસેથી વસૂલવા માટેનો હુકમ શા માટે ન કરવો તેમજ તેઓની આયોગ સમક્ષ પડતર અન્ય અપીલો/ફરિયાદો રદ શા માટે ન કરવી તે અંગેનો ખુલાસો/સ્પષ્ટતા ફરિયાદીશ્રીએ આગામી સુનાવણીમાં અચૂક હાજર રહી કરવા જણાવેલ. ત્યારબાદ તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ આ કેસની આયોગ સમક્ષ બીજી સુનાવણી હાથ ધરવામાં આવી. સુનાવણી દરમ્યાન ફરિયાદીશ્રી હાજર રહેલ ન હતાં કે કોઇ લેખિત રજૂઆત પણ મોકલી આપેલ ન હતી. આથી તા.૨૧/૦૫/૨૦૧૯ના રોજ વચગાળાનો આદેશ કરી ફરિયાદીશ્રીને ન્યાયના હિતમાં વધુ એક તક આપી આ ફરિયાદ સહિત

આ સાથેના પત્રકમાં જણાવેલ ફરિયાદીશ્રીની આવી પડતર અપીલો/ફરિયાદો શા માટે રદ ન કરવી તે અંગેની સ્પષ્ટતા તેમજ નકલ ફી પેટે રૂ.૩૧૨/- ફરિયાદીશ્રી પાસેથી વસૂલવા માટેનો હુકમ શા માટે ન કરવો તે અંગેની લેખિત સ્પષ્ટતા તા.૨૮/૦૬/૨૦૧૯ સુધી આયોગને મોકલી આપવા તથા સુનાવણીની આગામી તારીખે હાજર રહીને મૌખિક/લેખિત રજૂઆત કરવા જણાવેલ.

૨. તા.૦૨/૦૭/૨૦૧૯ના રોજ આયોગ સમક્ષ ત્રીજી સુનાવણી હાથ ધરવામાં આવી. સુનાવણીમાં ફરિયાદીશ્રી હાજર રહેલ નથી. સામાવાળા પક્ષે શ્રી અનિરૂધ્ધસિંહ સીસોદીયા, જાહેર માહિતી અધિકારીશ્રી અને પરીક્ષેત્ર વન અધિકારીશ્રી હાજર રહેલ છે.

૩. સુનાવણી દરમ્યાન સામાવાળા પક્ષે લેખિત રજૂઆત આપવામાં આવી. વધુમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી(ગ્રા.વિ.), હિંમતનગરના તા.૩૦/૦૮/૨૦૧૪ના પત્રથી જણાવ્યાં મુજબ ફરિયાદીશ્રી કેતનકુમાર પટેલનો બી.પી.એલ. યાદીની પુનઃ મોજણી બાદનો સ્કોર ૩૩ આવેલ છે. જેથી તેઓ બી.પી.એલ. માટે પાત્રતા ધરાવતાં નથી તે અંગેનો નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, હિંમતનગર, જિ. સાબરકાંઠાનો તા.૨૭/૦૫/૨૦૧૯નો પત્ર અત્રે રજૂ કરવામાં આવ્યો. વધુમાં ફરિયાદીશ્રીની તા.૦૮/૦૮/૨૦૧૭ની નમુના-કની અરજી પરત્વે તા.૦૪/૦૯/૨૦૧૭ના પત્રથી ૧૫૬ પાનાની માહિતી ફરિયાદીશ્રીના બી.પી.એલ. કાર્ડના આધારે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ હોવાનું તેમજ આયોગના પત્ર અન્વયે તા.૨૪/૦૫/૨૦૧૮ના રોજ આ માહિતી પુનઃ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવી ફરિયાદીશ્રી પાસેથી નકલ ફી વસૂલ કરવા યોગ્ય હુકમો કરવા વિનંતી કરવામાં આવી.

૪. ઉપરોકત રજૂઆત તથા કેસના કાગળો ધ્યાને લેતાં ફરિયાદીશ્રી દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૭ની નમુના-કની અરજી જરૂરી ફી સ્ટેમ્પ લગાવીને કરવામાં આવી હતી તેમજ ઉક્ત અરજીમાં તેઓ ગરીબી રેખા હેઠળનું બી.પી.એલ. કાર્ડ પણ ધરાવે છે તેવી રજૂઆત કરવામાં આવેલ હતી અને તેની સાથે બી.પી.એલ. રેશન કાર્ડની નકલ પણ રજૂ કરેલ હતી. આમ ફરિયાદીશ્રી પોતે બી.પી.એલ. પાત્રતા ધરાવતા નથી તે જાણતાં હોવા છતાં બી.પી.એલ. કાર્ડની નકલ આર.ટી.આઇ.ની અરજી સાથે સામેલ રાખી જાહેર સત્તામંડળને અરજી કરેલ છે. તેના આધારે જાહેર માહિતી અધિકારીશ્રીએ વિનામૂલ્યે ફરિયાદીશ્રીને માહિતી પૂરી પાડેલ છે. આ ફરિયાદની તા.૨૬/૦૩/૨૦૧૯ના રોજ પ્રથમ સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને આયોગના તા.૨૭/૦૩/૨૦૧૯ના વચગાળાના હુકમથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા વિનામૂલ્યે પૂરી પાડેલ માહિતીની નકલ ફી પેટે રૂ.૩૧૨/- ફરિયાદીશ્રી પાસેથી વસૂલવા માટેનો હુકમ શા માટે ન કરવો તેમજ તેઓની આયોગ સમક્ષ પડતર અન્ય આવી અપીલો/ફરિયાદો શા માટે રદ ન કરવી તે અંગેનો ખુલાસો/સ્પષ્ટતા ફરિયાદીશ્રીએ આગામી સુનાવણીની તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ કરવા જણાવવામાં આવેલ. તા.૦૯/૦૫/૨૦૧૯ના રોજ આ ફરિયાદની બીજી સુનાવણી હાથ ધરવામાં આવી. ફરિયાદીશ્રી આયોગના તા.૨૭/૦૩/૨૦૧૯ના વચગાળાના આદેશ અન્વયે કોઇ ખુલાસો/સ્પષ્ટતા આયોગ સમક્ષ રજૂ કરેલ નથી તેમજ આયોગ સમક્ષની સુનાવણીમાં પણ ફરિયાદીશ્રી હાજર રહેલ ન હતાં. જેથી ન્યાયના વિશાળ હિતમાં ફરિયાદીશ્રીને પોતાનો પક્ષ રજૂ કરવાની વધુ એક તક મળી રહે તે માટે આયોગના તા.૧૧/૦૫/૨૦૧૯ના વચગાળાના હુકમથી તા.૦૨/૦૭/૨૦૧૯ના રોજ ત્રીજી સુનાવણી રાખવામાં આવી હતી.

તા.૦૨/૦૭/૨૦૧૯ની સુનાવણીમાં પણ ફરિયાદીશ્રી ગેરહાજર રહેલ છે તેમજ આયોગના

ફરિયાદીશ્રીની અન્ય ફરિયાદ નં. ૦૬૬૦/૨૦૧૭ની સુનાવણીમાં પણ નકલ ફી શા માટે ભરપાઈ ન કરવી તેમજ આયોગ સમક્ષ પડતર અપીલો/ફરિયાદો શા માટે રદ ન કરવી તેની સ્પષ્ટતા કરવા ફરિયાદીશ્રીને જણાવવા છતાં ઉક્ત ફરિયાદમાં પણ ફરિયાદીશ્રી દ્વારા આયોગને કોઈ ખુલાસો/સ્પષ્ટતા મોકલી આપેલ નથી કે આયોગ સમક્ષની સુનાવણીમાં પણ હાજર રહેલ નથી.

ફરિયાદીશ્રીની આયોગ સમક્ષની અન્ય અપીલ નં.અ-૨૩૬૪/૨૦૧૭માં આયોગના તા.૦૩/૦૪/૨૦૧૮ના હુકમમાં આયોગે સ્પષ્ટ નોંધેલ છે કે વિવાદીશ્રી બી.પી.એલ. કેટેગરીમાં આવતાં ન હોય તેમને વિનામૂલ્યે માહિતી આપવી નહીં તેમજ આયોગે વિવાદીશ્રીનું બી.પી.એલ. રેશનકાર્ડ રદ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગરને સૂચના પણ આપેલ છે.

સમગ્ર રીતે જોતાં ફરિયાદી શ્રી કેતનકુમાર પટેલ તા.30/0૮/૨૦૧૪ થી આ બાબત જાણે છે કે તેઓ બી.પી.એલ. કાર્ડ માટે પાત્રતા ધરાવતાં નથી તેમ છતાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ બી.પી.એલ. કાર્ડના આધારે મોટાપાયે માહિતી માંગવાનું ચાલુ રાખેલ છે. વધુમાં આયોગના ધ્યાન ઉપર એવું પણ આવેલ છે કે, એક સરખા નમુના-કની અરજીથી માર્ગ અને મકાન વિભાગ તથા વન વિભાગની જુદા જુદા જિલ્લાઓની કચેરીઓ પાસે વિસ્તૃત માહિતી માંગવામાં આવે છે અને અરજી ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી અરજી સાથે બી.પી.એલ. રેશનકાર્ડ પણ રજૂ કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા નકલ ફી ભરવાની જાણ કરવામાં આવે તો તેઓ બી.પી.એલ. કાર્ડ ધારક છે તેવી રજૂઆત કરીને મફત માહિતી મેળવવાની માંગણી કરે છે. તે રીતે સત્તામંડળનો સમયનો જાહેર હિતના કામના ભોગે વ્યય કરાવે છે અને માહિતી પૂરી પાડવામાં ન આવે તેવા કિસ્સામાં સત્તામંડળ ઉપર બિન જરૂરી અને અનુચિત દબાણ લાવવા માટે આયોગમાં ફરિયાદ અરજી કરવામાં આવે છે. આમ કરીને તેઓ માહિતી અધિકાર અધિનિયમનો ઇરાદાપૂર્વક, ચોક્કસ વ્યૂહરચના સાથે મોટાપાયે દુરુપયોગ કરે છે.

ફરિયાદીશ્રીએ તા.૨૯/૦૧/૨૦૧૮ની અરજીથી છેલ્લા પાંચ વર્ષની વિસ્તૃત માહિતી માંગેલ છે. જે માંગવા પાછળ ફરિયાદીશ્રીનો પ્રામાણિક હેતુ(bonafide intention) હોવાનું જણાતું નથી. પરંતુ વિસ્તૃત માહિતી માંગી સત્તામંડળના સમયનો વ્યય કરવા માટે માહિતી માંગવામાં આવેલ હોય તેમ જણાય છે. આમ માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈઓનો ઇરાદાપૂર્વક, ચોક્કસ વ્યૂહરચના સાથે દુરુપયોગ (misuse) કર્યાનું સ્પષ્ટપણે પ્રતિપાદિત થાય છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨૦(૧) હેઠળ ફક્ત જાહેર માહિતી અધિકારીશ્રીઓને દંડ કરવાની જોગવાઇ છે. પરંતુ અધિનિયમનો દુરુપયોગ કરનાર અરજદારને દંડ કરવા કોઇ જોગવાઇ અધિનિયમમાં નથી. અરજદારને દંડ કરવાની જોગવાઇ અધિનિયમમાં હોત તો આ કેસ દંડ કરવા માટે સંપૂર્ણ યોગ્ય છે. વધુમાં નમુના-કની અરજી ઉપર કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી તેની સાથે બી.પી.એલ.નું કાર્ડ જોડી વિસ્તૃત માહિતી મફતમાં મેળવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે, જે નિયમોની જોગવાઇઓનો ઉપયોગ કરી સરકારી તંત્ર સાથે છેતરપીંડી કરવા સમાન છે. ફરિયાદીશ્રી જો હકીકતમાં જ બી.પી.એલ. કાર્ડધારક હોય તો તેઓએ કોર્ટ ફી સ્ટેમ્પ લગાવાની પણ આવશ્યકતા હતી નહીં. પરંતુ ફરિયાદીશ્રી પોતે જાણતા હતાં કે, તેમનો બી.પી.એલ. સ્કોર 33 આવેલ છે અને તેઓ બી.પી.એલ. કાર્ડ માટે પાત્રતા ધરાવતાં નથી તેમ છતાં બી.પી.એલ. કાર્ડનો ઉપયોગ કરવા પાછળનો તેમનો ઇરાદો મલીન હોવાનું પ્રસ્થાપિત થાય છે. આ સંદર્ભે રજૂઆત કરવા ત્રણ તક આપવા છતાં ફરિયાદીશ્રી આયોગ સમક્ષ ઉપસ્થિત રહેલ નથી કે તેમના બચાવમાં

કોઇ લેખિત રજૂઆત પણ મોકલી આપેલ નથી. આથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) ફરિયાદીશ્રીની ફરિયાદ નામંજૂર કરવામાં આવે છે.

(૨) ફરિયાદીશ્રી બી.પી.એલ. કાર્ડધારક ન હોવા છતાં જાહેર માહિતી અધિકારીશ્રીએ તેમને વિનામૂલ્યે પૂરી પાડેલ માહિતીના રૂ.૧૫૭૨/- ફરિયાદીશ્રી પાસેથી વસૂલ લઇ અને તેની અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારીશ્રી અને પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, મેઘરજ, જિ. અરવલ્લીને હુકમ કરવામાં આવે છે. જિલ્લા વન અધિકારીશ્રી, અરવલ્લી એ હુકમ મુજબની કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૩) ફરિયાદીશ્રી દ્વારા આયોગ' સમક્ષ રજૂ કરેલ અન્ય અપીલો કે જેમાં તેમણે ફરિયાદ અરજી/અપીલ અરજી સાથે રૂ.૨૦/-ની ફી પણ ભરેલ છે અને બી.પી.એલ. રેશનકાર્ડ પણ રજૂ કરેલ છે. તે અપીલો/ફરિયાદો રદ કરવાનો નિર્ણય ફરિયાદનં.૬૬૦૪-૨૦૧૭માં આયોગના તા.૨૬/૦૭/૨૦૧૮ના હુકમથી કરવામાં આવેલ છે. આથી આ ફરિયાદમાં તે અંગેનો હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમની નકલ અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ(વસુતા પ્ર.)ને મોકલી આપવી.

ફરિયાદીશ્રી પાસેથી જરૂર પડે મહેસૂલી રાહે નકલ ફી વસુલવા કલેકટરશ્રી, અરવલ્લીને જણાવવામાં આવે છે. આ હુકમની નકલ કલેકટરશ્રી, અરવલ્લી-મોડાસાને મોકલી આપવી.

આ હુકમ સાથે ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

(ડી. પી. ઠાકર)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર.

પ્રમાણિત કરનાર

મુકાબલો કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર